zazi.com

# તાજુ ફુલ

કીરીટ ભક્ત
કોનરો ટેક્ષાસ

તે દિવસે સાંજે આખા દિવસની ગરમીને ઠંડી કરતો વરસાદ વરસીને થાક્યો હોય તેમ વિરામ લેવા થંભ્યો હતો. લુપ્ત થતી સંધ્યાનાં રંગો લાલીમા વાદળોમાં દેખાતી હતી. ઉતરતા અંધકારના ઓળાઓ ને સડકની બાજુમા રોપેલા વિજળીના દિવાઓએ લઢત આપવાની શરુઆત કરી દીધી હતી.હું તે સમયે મારી આદત મુજબ વડલિોની આમાન્યા જાળવવા અને સીગારટની તલપ સમાવવા મોટેલ માંથી બહાર નીકળ્યો તાજા નાહીને ઉભેલા વૃક્ષો ભીની હાવાની તાજગી લેતા આળસ મરડતા હતા. મેટેલની બહાર નીકળી દાબી બાજુ એ થોડુક ચાલીને વડીલોની ઙ્યશ્રિમર્યાદાથી બહાર નીકળ્યો

રીચી રોડ આ સમયે સાવ સુમ સામ હોય,મેં સિગિરેટ સળગાવી અને અમસ્તી આમ તેમ નજર ગુમાવતા તલપ શમાવવા માંડી.રોડની સામેથી એક વર્ણશંકર ગોરો હબસી અચાનક દેખાયો અને મારી પાસે આવીને ઔપચારીક રીતે પુછ્યુ “હાવ ડુ યુ ડુ?”મેં પણ ઔપચારકિતા નીપટાવી. “મને લાઇટર આપશો?”અને મારા લાઇટરથી સિગિરેટ સળગાવીને બે કસ લીધા. અને મારી ધારણા મુજબ લાઇટર પાછુ આપતા તે બોલ્યો “એકલો છૈ?”મેંવળતો પ્રશ્ન કર્યો “હા કેમ?” “ખાલીજ પુછુ છુ.”થોડાક મૌન પછી ફરી તે બોલ્યો “તને ‘પેલો’અનંદ રસ જોઇએ છે?”ગર્ભિત ગંદો ઇશારો કરતા તે બોલ્યો.હું ચુપ રહ્યો તેથી તે બોલ્યો “મને યાદ કરીશ આજની સાંજ રંગીન કરી દેશે. મારી ગેરંટી છે” મારી સીગરેટ પુરી થઈ ગઇ હતી.તેથી મેં ચાલવાની તૈયારી કરી એટલે એણે છેલ્લો દાવ ફેંકયો “કલાકના બસ્સો ડોલર વળી વસ્તુ પચાસમાં આપુ છુ”મેં ઝાઝુ કોઠુ ન આપ્યુ એટલે બોલ્યો સુરક્ષીત અને તાજુ ફુલ છે.જરા નજીક જઇને વાત કરવી હોયતો એ ત્યાં ઉભી છ. એના અવાજમાં લાચારી અને કંપ વરતાતો હતો.તે મારા વિચાર વાંચી શકતો નહોતો. પેલી છોકરી લલચામણો મિથ્યા રીતે મને આકર્ષવા મથતી હોય તેમ મને લાગ્યુ.

હું અસમંજસમાં તે છોકરી તરફ વળ્યો અને ગોરા હબસીનાં મો ઉપર રાહત નો ભાવ દેખાયો. ત્યાં નજીક જઇને જોયુ તો તે પણ વર્ણશંકર ગોરી હતી.ખુબજ સુંદર અને અનુપમ લાવણ્યથી ભરપુર હતી. મારી આંખનુ પરિક્ષણ તેને અકળાવતુ હતુ અને ખુબજ બળપુર્વક દબાયેલ ડુસ્કુ તેનાથી નંખાઇ ગયુ. મેં માનવ સહજ તેને પુછ્યુ “તને ગમતુ ન હોય તો આ કામ કેમ કરે છે?” “મારો છુટકો નથી” “કેમ તારા મા બાપ કોઇ નથી?” ”મા જેલમાં છે અને બાપ કયાં છે તેની ખબર નથી”અને હીબકે ચઢવા માંડી થોડા મૌન પછી મેં પુછ્યુ “ક્યાર થી આ કામ કરે છે?” “હમણાથી જ. તમે પહેલા છોં”તેને કામ જલ્દી પતાવામા થતા વિલંબથી કે સ્ત્રી સહજ સંકોચથી હુ આગળ પ્રશ્ન પુછુ તે પહેલાજ કહ્યુ “મારે આગળ ભણવુ છે પણ અહી રહેવાની જગ્યા નથી.”મેં જીજ્ઞાસાવશ પુછ્યુ “તે કોણ છે?” “મારો મોટો સગ્ગો ભાઈ. તેને દારુ અને ડ્રગ્ઝ ના પૈસા જોઇએ છે તેથી તો મને..,”દોડતી અંધારામાં તે ઓગળી ગઇ પાછળ તેના આંસુઓ અને ડુસ્કાની લંગાર છોડતી ગઇ. અમેરીકા માં નૈતિકતાના આ પતનથી

zazi.com

હું ઉબાઇ ગયો..વરસાદ ઝરમર શરુ થયો પાછળ જોયુ તો તે પણ નહોંતો.

<u>સત્ય થટના ના આધારે..</u>